## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અહી બધી જ સ્કૂલનાં માસ્ક મળશે... બોલો કઈ સ્કૂલ...??

# જિલ્લાના ૨૫૯ ખેડૂતો પાસેથી ૧૧,૯૪૭ ક્વિન્ટલ ઘઉંની ખરીદી

## ગાંધીનગર જિલ્લાના ૬૧૩ ખેડૂતોએ ઘઉંના વેચાણ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ૨૫૯ ખેડૂતો પાસેથી ટેકાના ભાવથી કુલ- ૧૧,૯૪૭ ક્વિન્ટલ કરતાં વધુ ઘંઉની ખરીદી કરવામાં આવી છે. જે ખેડૂતો પાસેથી ઘંઉની ખરીદી કરાઈ છે, તેવા ખેડૂતોના ખાતામાં રૂપિયા ૧ કરોડ ૯૭ લાખથી વધુ રકમની ચૂકવણી કરવામાં આવી છે, તેવું જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ જણાવ્યું છે કે, રાજય સરકારની સૂચના અને જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ ઘંઉની ખરીદી ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર, દહેગામ અને કલોલ ખાતે આવેલા પુરવઠા નિગમના ડેપો પરથી કરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં પોતાના ઘંઉ વેચવા માટે ગાંધીનગર તાલુકાના ૧૬૦, દહેગામ તાલુકાના ૪૪૮ અને કલોલ તાલુકાના ૫ મળી કુલ- ૬૧૩ ખેડૂતોએ પોતાના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી આજદિન સુધી ૩૬૪ ખેડૂતોને એસ.એમ.એસ થકી જાણ કરવામાં આવી છે. બાકી રહેલા ૨૪૯ ખેડૂતોને જૂન માસના અંત સુધી એસ.એમ.એસ કરવામાં આવશે. ગાંધીનગરના ૭૬, દહેગામના ૧૮૦ અને કલોલના ૩ મળી કુલ- ૨૫૯ ખેડૂતો પાસેથી ઘંઉની ખરીદી કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરના ખેડૂતો પાસેથી ૩૯૦૪ ક્વિન્ટલથી વધુ, દહેગામના ખેડૂતો પાસેથી ૭૯૫૪ ક્વિન્ટલથી વધુ અને કલોલના ખેડૂતો પાસેથી ૮૯ ક્વિન્ટલથી વધુ મળી કુલ – ૧૧,૯૪૭ ક્વિન્ટલ ઘંઉની ખરીદી કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના જે ૨૫૯ ખેડૂતો પાસેથી ઘંઉની ખરીદી કરવામાં આવી છે. ૨૧૩ ખેડૂતો પાસેથી ખરીદેલ ૧૦,૨૫૦ ક્વિન્ટલ કરતાં વધુ ઘઉંની ખરીદીની ચુકવવાની થતી રકમ તેમના બેંક એકાઉન્ટમાં રૂપિયા ૧,૯૭,૩૨,૬૯૩ થી વધુ નાણાંની ચુકવણી કરી દેવામાં આવી છે. બાકી રહેલા ગાંધીનગરના ૪૬, દહેગામના ૧૧ અને કલોલના ૩ મળી કુલ- ૪૬ ઘરતીપુત્રોને તેમના કુલ- રૂપિયા ૩૨,૬૬,૯૧૭ થી વધુ નાણાંની ચુકવણી પણ કરવાની કાર્યવાહી ચાલું છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ નવો કેસ ના નોંધાતાં તંત્રએ હાશ અનુભવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મહિલા-બાળ-કલ્યાણ પ્રભાગમાં પ્રોગ્રામ ઓફિસરની જે જગ્યા આજે ભરાઈ જવા પામી છે. નવ નિયુક્ત પ્રોગ્રામ ઓફિસરે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૭૨૦૦ કિલો બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં પબ્લીક એડ્રેસ સિસ્ટમ પર સતત લોકોને માસ્ક પહેરવાની સૂચનાઓ આપવામાં આવી રહી છે.
- સનદી અધિકારી હારિત શુક્લાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યાની વાતથી તંત્રમાં આજે સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો.
- એન.એસ.યુ.આઈ.એ માસ પ્રમોશનની વાતને લઈ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપ્યુ છે.
- રાજ્યના પૂર્વ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ મહાનગર ભાજપ યુવા મોરચાના કાર્યકરો સાથે વર્ચ્યુલ સંવાદમાં ભાગ લઈ વર્તમાન પરિસ્થિતિ તેમજ કેન્દ્ર સરકારની બીજી ટર્મના એક વર્ષની ઉજવણી સંદર્ભે જનહિતના લેવાયેલ નિર્ણયો વિશે વિસ્તૃત વાતો કરી હતી.
- ગુજરાત સરકારે આજે ૪૦ થી વધુ નાયબ સેક્શન અધિકારીઓને સેક્શન અધિકારી તરીકે બઢતી આપતા હુકમો કરતાં સચિવાલયમાં ખુશીનો માહોલ જામ્યો હતો.



કોરોનાની મહામારીમાં સૌના ધંધા રોજગાર પર અસર પડી છે. રોજ કમાઈને ઘર ચલાવનારાઓની હાલત સૌથી વધુ ખરાબ છે. આજે રસ્તા પર ૨૦ રૂપિયામાં માસ્ક વેચતી મહિલાને જોતા એમ લાગે કે એમને ખબર પણ છે કે કેવા માસ્ક વેચવા કે નહિ. પેટિયું રળવા પરિવાર ચલાવવા માંગી ખાવા કરતાં મહેનત કરી બે પૈસા કમાઈ કરતી આ મહિલા અને આવા ઘણા લોકો પરિસ્થિતિ સામે લડી રહ્યા છે.

## સેકટર-૨૪ ઈન્દીરાનગર પાસેથી ત્રણ શકુનીઓ પકડાયા

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર છાપરા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમી સેકટર-૨૧ પોલીસને મળતા પોલીસે સ્થળ પર રેઈડ પાડીને જુગાર રમી રહેલા અમજદખાન અયુબખાન પઠાણ, હરેશ ભગવાનભાઈ પટેલ અને ઈશ્વર બાબુભાઈ રાણા (મારવાડી)ને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ.૧૯૮૦, ત્રણ મોબાઈલ કિં.૧૭૯૯૦ મળીને કુલ રૂ. ૧૯૯૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરની ઓળખસમા ઘ-૪ના સર્કલનું અસ્તિત્વ હવે ભૂંસાઈ ગયું છે. ઉનાળાના દિવસોમાં જે સ્થળે લોકોનો મેળાવડો જામતો તે ઘ-૪ના સર્કલને તોડીને અહીં અંડરપાસ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. અંડરપાસનું કામ લોકડાઉન બાદ જોરશોરથી શરૂ થયું છે. અંડરપાસના બીમ ભરવા માટે અહીં લવાયેલું વિશાળ મશીન લોકોના કૌતુહલનું કારણ બન્યું છે.

# ચંદ્રાલા પાસે એકટીવા પર ૧૨ બોટલ દારૂ સાથે બે યુવક ઝડપાયા

## સરગાસણ ગરનાળા પાસેથી બે બોટલ સાથે યુવકને પોલીસે દબોચી લીધો

ગાંધીનગર, તા.૯

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસેથી એકટીવા પર ૧૨ બોટલ વિદેશી દારુ સાથે બે યુવકોને પોલીસે પકડી પાડ્યા હતા. ચિલોડા પોલીસે રૂ. ૬ હજારનો દારુ અને ૨૦હજારની કિંમતનું એકટીવા મળીને કુલ રૂ.૨૬૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલીસ દ્વારા ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે વાહન ચેકીંગ ચાલી રહ્યું હતું. તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલા એકટીવા નં. જી.જે.૦૧.એફ.યુ.-૫૯૬૨ બે યુવાનો આવ્યા હતા. પોલીસે એકટીવા આગળના ભાગમાં પડેલો થેલો ચેક કરતા ૧૨ બોટલ દારુની મળી આવી હતી. પોલીસે યુવાનના નામ પુછતા તેમણે રાજસ્થાનના ભીલવાડાના ટુંગચ ગામના હિંમતસિંહ ભોપાલ સિંહ રાઠોડ (ઉં.૨૧) અને લાલસિંહ પ્રતાપસિંહ રાઠોડ(ઉં.૨૮) જણાવ્યું હતું. પોલીસે બે યુવાનોની અટકાયત કરીને આગળની તપાસ હાથ ધરી હતી.

જયારે બીજીતરફ ઈન્ફોસીટી પોલીસે સરગાસણ પાસે આવેલ ગરનાળા પાસે થી દારુની બે બોટલ સાથે યુવકને પકડી પાડ્યો હતો. ઈન્ફોસીટી પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન સરગાસણ કેનાલ પાસે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં ઉભો હતો. પોલીસને તેની પાસેથી વિદેશી દારુની બે બોટલ મળી આવી હતી. જેને પગલે પોલીસે સેકટર-૧૩ પુષ્પક એપાર્ટમેન્ટ ખાતે રહેતા સંજય રાજેન્દ્ર પ્રસાદ શર્મા (ઉં.૩૬) ની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી રૂ.૨૫૫૦ ની કિંમતનો દારુ અને મોબાઈલ મળીને કુલ રૂ.૭૫૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# ટોપર્સેના મતે હાલના કપરા કાળમાં ઓનલાઈન શિક્ષણ જરૂરી, ડૉકટર બનવાની ખેવના

## કોઇકને ગુગલમાં એન્જિનિયર બનવુ છે : કોરોનામાં લોકડાઉનમાં પર્યાવરણ પર સારી અસરો જોવા મળી છે ત્યારે નાગરિકોએ પર્યાવરણ બચાવવા તરફ પણ ધ્યાન આપવુ જોઇએ : ટોપર્સ માટે આદર્શ કિશોર સર અડધી રાત્રે પણ પ્રશ્નો ઉકેલી આપે છે

ગાંધીનગર તા ૯

નગરની સેન્ટ ઝેવિયર્સ શાળાના જય જયેશભાઇ દવેએ ૬૦૦ માંથી ૫૫૭ ગુણ મેળવ્યા છે. જયની માતા રીટાબેન ઝેવિયર્સમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. જયના પિતા જયેશભાઇ પ્રેસ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. જયએ વિજ્ઞાન વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે તેણે ગણિતમાં ૮૯ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયએ આગળ બી ગૃપમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. કોરોના જેવી મહામારીમાં પણ વોરિયર્સ બનીને સમાજની સેવા કરવાની ખેવના પણ તેણે વ્યકત કરી હતી. તેની બહેન જયતિ પણ મેડીકલમાં અભ્યાસ કરે છે. ઓનલાઇન શિક્ષણ સારી બાબત છે. પરંતુ કયારેક નેટ કે વિજળીની સમસ્યા હોય ત્યારે તકલીફ પડે છે. પોતાના સારા પરિણામ માટે તે માતા પિતા અને કિશોર સરને જવાબદાર ગણાવે છે. અડધી રાત્રે પણ કિશોર સર શિક્ષણ આપવા તત્પર હોય છે. સે-૨૩ સ્થિત ગુરુકુલની ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા મહર્ષિ ઉપેન્દ્રસિંહ સોલંકીએ પણ આગળ બી ગૃપમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. તેના પિતા હીંમતનગરમાં વર્કશોપ ધરાવે છે. માતા ગીતાકુંવરબા હાઉસવાઇફ છે. તેણે ગણિતમાં ૮૭, વિજ્ઞાનમાં ૯૪ અંગ્રેજીમાં ૯૩ ગુણ પ્રાપ્ત કર્યા છે. ઓનલાઇન શિક્ષણ સારી પધ્ધિત છે. અવરજવરનો સમય બગડતો નથી કે જી થી હરહંમેશ ટોપર્સમાં સ્થાન પામતા મહર્ષિનુ પરિણામ ધાર્યા કરતા આછુ આવ્યુ છે. તેના વિષય શિક્ષક કિશોરસરના જણાંવ્યા મુજબ મહર્ષિમાં ભણતરની ભુખ ખુબ જ છે. નિશાંત પટેલ કુડાસણ સ્કુલ ઓફ અચિવરમાં અભ્યાસ કરે છે. તેણે ૫૫૪ ગુણ પ્રાપ્ત કર્યા છે. ગોધરાથી તેની માતા સાથે રહીને અહીં અભ્યાસ કરે છે. તેના પિતા જયેશભાઇ વેટરનરી ડોકટર છે.જયારે માતા દક્ષાબેન હાઉસ વાઇફ છે. કીશોર કલાસીસમાં ઉત્તમ શિક્ષણ મળ્યુ તેના લીધે સારુ પરિણામ આવ્યુ છે. કોરોનાની મહામારીમાં સરકારનો ઓનલાઇન શિક્ષણ આપવાનો નિર્ણય તેના મતે સારો છે. કલાસરૂમમાં બેઠા હોય તેવુ જ લાગે છે. નિશાંતે આગળ એ ગ્રુપમાં અભ્યાસ કરીને એન્જિનિયરીંગમાં ભણવુ છે. ગુગલમાં એન્જિનિયર બનવુ છે. તેને સોફટવેરમાં વધુ રસ છે. કુડાસણ સ્કુલ ઓફ અચિવરના હેત ગોરધનભાઈ પટેલે આગળ બી ગૃપમાં અભ્યાસ કરવો છે. ડોકટર બનવુ છે કીશોર સર રાત્રિના પણ ફોલઅપ લે છે વાલીની જેમ કાળજી કરે છે. હેત ગાંધીનગરના સરગાસણમાં રહે છે. ઓનલાઇન શિક્ષણમાં કોઇ તકલીફ પડતી નથી. સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઇસ્કુલમાં અભ્યાસ કરતા શુભ ગોવિદ પટેલ ૫૪૫ ગુણ મેળવ્યા છે. બી ગૃપમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. પિતા ગોળ મમરાના વેપારી છે. શાળાના પ્રિન્સિપાલ ડો ચેતના બુચ સતત મહેનત કરાવતા હતા. જયારે ટયુશન શિક્ષક કિશોરસરે પણ આખુ વર્ષ ધ્યાન આપી તૈયારી કરાવી છે.





કોરોના ભય વચ્ચે ધીમે ધીમે જનજીવન પાટા પર ચઢવાનો પ્રયાસ કરી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી બંધ રહેલી કોર્ટોનું કામ પણ ધીમે ધીમે શરૂ થયું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મુખ્ય ગેટ પાસે વકીલોએ પોતાનું કામકાજ શરૂ કર્યું તે તસવીરમાં દૃષ્ટિગોચર થાય છે.

## અમદાવાદના ધંધુકામાં ફિમેલ હેલ્થ વર્કરનું અવસાન

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ખડોળ સબ સેન્ટરના ફિમેલ હેલ્થ વર્કર રીટાબેન ક્રિશ્ચિયનનું આજરોજ દુઃખદ અવસાન થયુ છે.

કોરોનાના કારણે આ ફિમેલ હેલ્થ વર્કરના થયેલ નિધન અંગે ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મંડળે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

## દુઃખદ અવસાન

કલોલના પૂર્વ મામલતદાર અને વર્ષો સુધી ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં નાયબ મામલતદાર તરીકે સેવાઓ આપી વય મર્યાદાને લઈ નિવૃત્ત થયેલ સી.કે. બ્રહ્મભટ્ટનું આજે દુઃખદ અવસાન થયુ છે.

સ્વ. બ્રહ્મભટ્ટ છેલ્લા થોડાક સમયથી બિમાર હતા. તેઓ ગંભીર બિમારીમાં પટકાયા હતા.

## આઈઆઈટીઈના માધ્યમથી યુવાનોને પુડુચેરીના ઉપરાજ્યપાલ ડૉ. કિરણ બેદીનું વિશેષ સંબોધન કરશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૧૫ સ્થિત ભારતીય શિક્ષક પ્રશિણ સંસ્થાન દ્વારા આગામી તા. ૧૧મી જુન ગુરૂવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના ઉપરાજ્યપાલ અને દેશના અનેક લોકો માટે પ્રેરણાના સ્રોત બનેલાં ડૉ. કિરણ બેદીના ઓનલાઈન વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાત સરકારના શિણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે તથા શિક્ષણ સચિવ અંજુ શર્મા ઉપસ્થિત રહેશે.

આઈઆઈટીઈના સેન્ટર ઓફ એક્સ્ટેન્શન દ્વારા આયોજિત આ વક્તવ્યમાં ડૉ. કિરણ બેદી 'ફાઈટિંગ ઓડ્સ વિથ ઈનર ફોર્સ' - (આત્મબળથી આફતોનો ઉકેલ) વિષય પર પ્રેરક ઉદ્‌બોધન કરશે.

ડૉ. કરિણ બેદીના વક્તવ્યના આયોજન વિશે વાત કરતા આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, 'છેલ્લા બે માસકરતાં વધુ સમયથી સમગ્ર દેશમાં કોરોના વાયરસના ફેલાવાને કારણે થયેલા લોકડાઉનને કારણે જન સામાન્યમાં સતત ઉદ્વેગ અને ગભરાટની સ્થિતિ અનુભવાય છે. ડૉ. બેદી મહિલા સશક્તિકરણનું એક દંતકથારૂપ ઉદાહરણ છે. દેશના પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી બનીને તેમણે અનેક મહિલાઓને અડચણો અને આફતો સામે પોતાના આત્મબળથી લડીને જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી છે. હવે જ્યારે લોકડાઉનની સ્થિતિ હળવી બની રહી છે અને જનજીવન સાવચેતીપૂર્વક પૂર્વવત થવા જઈ રહ્યું છે, ત્યારે પોતાના આત્મબળથી કેવી રીતે પોતાની આસપાસ પ્રવર્તતી સ્થિતિમાંથી કેવી રીતે બહાર નીકળવુ તે જાણવું પણ ખૂબ જ મહત્વપર્ણ છે.' આ સંબોધનનું જીવંત પ્રસારણ આઈઆઈટીઈના ફેસબુક પેજ દ્વારા કરવામાં આવશે.

# શહેરના કન્ટેન્ટમેન્ટ વિસ્તારના ૫ લાખ ૩૧ હજાર નાગરિકોને આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં નોવેલ કોરોના વાયરસ અંગેના પ્રશ્નોનું નિરાકરણ માટે કંટ્રોલ રૂમ અને હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યા છે. જેનો અત્યાર સુધી ૪,૩૩૦ વ્યક્તિઓએ લાભ લીધો છે. જેમને સંતોષકારક માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના રહીશોમાં રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુષ મંત્રાલયની અને આયુષ વિભાગ, ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ હોમિયોપેથિક દવા આર્સેનિકમ આલબમનું વિતરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર કરવામાં આવેલા કન્ટેન્ટમેન્ટ વિસ્તારના ૫ લાખ ૩૧ હજાર કરતાં વધુ નાગરિકોને આયુર્વેદ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ કન્ટેન્ટમેન્ટ વિસ્તાર, ઝુંપડપટ્ટી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને આયુર્વેદ દવા સંશમની વટીની ટેબલેટનું વિતરણ તબક્કાવાર શરૂ કરવામાં આવ્યું છે.



આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં બહારથી આવેલા ૧૦૦૭ વ્યક્તિઓની જાણ નગરજનો દ્વારા કરવામાં આવી છે. તે તમામનું હેલ્થ ટીમ દ્વારા તેમનું ચેકઅપ કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં હોમ કવોરેન્ટાઈન કરેલા પરિવારને અત્યાર સુધી ૯,૬૫૬ લિટર દૂધનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવ્યું છે. તેમજ ફાયર શાખા દ્વારા મહાનગરપાલિકાના તમામ વિસ્તારોને ચેપ મુક્ત કરવા સોડિયમ હાઈપોક્લોરાઈટનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. તેમજ ઘર વિહોણા લોકો માટે પાલિકા દ્વારા સેકટર- ૬ ખાતે ઉભા કરવામાં આવેલા શેલ્ટર હોમ ખાતે ૬૫૨ લોકોને ભોજનની વ્યવસ્થા આશ્રય સાથે પુરી પાડવામાં આવી છે. તેમજ ગાંધીનગરમાંથી બાયોમેડિકલ વેસ્ટ એકટ – ૨૦૧૬ અંતર્ગત બાયોમેડિકલ વેસ્ટના કલેકશન માટે મહાનગરપાલિકા દ્વારા અલગથી ફાળવેલ વાહન દ્વારા કામગીરી કરવામાં આવી છે. જેમાં આજ સુધી એક્ટ મુજબની પીળા કલરની બેગમાં ૫૬૧૫.૨૨ કિલોગ્રામ, લાલ કલરની બેગમાં ૧૩૪૮.૪ કિલોગ્રામ તથા વાદળી કલરની બેગમાં ૧૪૬.૯ કિલોગ્રામ વેસ્ટ એકત્ર કરી નિકાલ કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૧ જેટલા જાહેર સ્થળોએ કોરોના વાઈરસના સંક્રમણ અટકાવવા સાબુથી હાથ ધોવાની વ્યવસ્થા મહાનગરપાલિકા દ્વારા કરાવમાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, નોવેલ કોરોના વાયરસથી સાવચેતીના ભાગરૂપ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરો અને સમસ્યા હોય તો મહાનગરપાલિકાના હેલ્પલાઈન નંબર – ૦૭૯- ૨૩૨ ૨૨૭૪૨ ઉપર ફરિયાદ કરી શકાશે.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
Indian Institute of Teacher Education
(State Public University of Government of Gujarat)
Near Mahatma Mandir, Kh - Road, Sector-15, Gandhinagar (Gujarat)- 382016.

Admission 2020

| Programme | Course | Duration | Institute |
|---|---|---|---|
| Under Graduate | B.Sc.-B.Ed. | 4 Year | IITE |
| | B.A.-B.Ed. | 4 Year | IITE |
| | B.Ed. | 2 Year | Affiliated Colleges |
| Post Graduate | B.Ed.-M.Ed. | 3 Year | IITE |
| | M.Ed. | 2 Year | IITE & RGT-DIET |
| | M.Sc./M.A.-M.Ed. | 3 Year | IITE |
| Research Programmes | M.Phil. | 3 Terms | IITE |
| | Ph.D. | Minimum 6 Terms | IITE |

Apply online on www.iite.ac.in from 10 June, 2020
Help Desk: 7575007092, 7575007093, Email: onlineadmission@iite.ac.in
Date: 10/06/2020
Registrar, IITE